


ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 164
Dt.: 24-02-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


### ખાલિસ્તાની જૂથના નામે આવ્યો ઈમેઈલ

# લાલ કિલ્લા-દિલ્હી વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## બોમ્બ સ્કવોડ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ સમગ્ર વિસ્તારની સંપૂર્ણ તપાસ કરી, પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા તંત્રએ હાશકારો અનુભવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી પોલીસને આજે(૨૩ ફેબ્રુઆરી) દિલ્હી વિધાનસભા અને લાલ કિલ્લાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ મળ્યો હતો. આ ધમકી કથિત રીતે ખાલિસ્તાની જૂથના નામે મોકલવામાં આવી હતી, જેના કારણે સુરક્ષા એજન્સીઓને સતર્ક કરવામાં આવી હતી. ધમકી મળતાં જ દિલ્હી વિધાનસભા સંકુલમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. બોમ્બ સ્કવોડ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ સમગ્ર વિસ્તારની સંપૂર્ણ તપાસ કરી, પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. દિલ્હી પોલીસે કહ્યું કે, સર્ચ ઓપરેશનમાં કોઈ ખતરનાક કે હાનિકારક વસ્તુ નથી મળી, તેમ છતાં તકેદારીના ભાગરૂપે તમામ જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે. ધમકીભર્યા મેલની તપાસ કરાઈ રહી છે અને એ જાણવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે કે તેને કોણે અને ક્યાંથી મોકલ્યો. કેસને ગંભીરતાથી લેતા સાયબર સેલ પણ તપાસમાં લાગી છે. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે, પરિસ્થિતિ પર સંપૂર્ણ નજર રખાઈ રહી છે. આ સિવાય દિલ્હીની અનેક સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. જેને લઈને આસપાસના વિસ્તારોમાં હડકંપ મચી ગયો છે. બોમ્બની ધમકી મળતા જ ફાયર વિભાગ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી. તેની સાથે સ્કૂલ તંત્ર દ્વારા તાત્કાલિક બાળકોને સુરક્ષિત બહાર લવાયા. જોકે, બોમ્બ સ્કવોડ તપાસમાં લાગી છે અને હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. સોમવારે બપોરે લાલ કિલ્લા અને દિલ્હી સચિવાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. દિલ્હી પોલીસે તપાસ શરૂ કરી હતી.

લાલ કિલ્લા અને દિલ્હી સચિવાલય સંકુલોની અંદર અને બહાર સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. ધમકીભર્યો ઈમેલ ખાલિસ્તાની જૂથના નામે મોકલવામાં આવ્યો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ અને ફાયર વિભાગની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. લાલ કિલ્લા અને દિલ્હી સચિવાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસ ટીમો તાત્કાલિક કાર્યવાહીમાં લાગી ગઈ હતી. લાલ કિલ્લા સંકુલ ખાલી કરાવવામાં આવ્યું હતું અને ચેકિંગ કામગીરી વધુ ઝડપી બનાવવામાં આવી હતી. ITO નજીક દિલ્હી સચિવાલયમાં કામ કરતા તમામ કર્મચારીઓને ત્યાંથી જવા માટે કહેવામાં આવ્યું છે. પોલીસ ટીમોએ ત્યાં પણ તપાસ શરૂ કરી હતી. ઈમેઈલના સ્રોતને શોધવા માટે દિલ્હી પોલીસની ટીમે સાયબર સેલ તૈનાત કર્યો છે. સાયબર સેલ આ જૂથ તરફથી ભૂતકાળની ધમકીઓ અને ખાલિસ્તાની જૂથ સાથેના તેમના જોડાણોની તપાસ કરી રહ્યું છે.

દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે સર્ચ ઓપરેશનમાં કંઈ ખતરનાક કે હાનિકારક મળ્યું નથી, પરંતુ તમામ જરૂરી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. ધમકીભર્યા ઈમેલની તપાસ કરવામાં આવી રહી છે અને તે ક્યાં અને કોણે મોકલ્યો તે નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ બાબતને ગંભીરતાથી લેતા, સાયબર સેલ પણ તપાસ કરી રહ્યું છે. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે તેઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે. આજે સવારે દિલ્હીની બે શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી છે. ધૌલા કુઆમાં આર્મી પબ્લિક સ્કૂલ અને લોધી રોડ પર એરફોર્સ બાલ ભારતી સ્કૂલને બોમ્બની ધમકીવાળા ઈમેઈલ મળ્યા હતા. પોલીસ અધિકારીઓ અને દિલ્હી ફાયર સર્વિસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બંને સ્કૂલના પરિસરને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યા હતા. દેશમાં છેલ્લા ઘણા સમયથી અનેક રાજ્યોમાં સ્કૂલ, કૉલેજ, મંદિર, કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાના ધમકી ભર્યા ઈમેઈલ મળી રહ્યા છે. બોમ્બની ધમકીભર્યા ઈમેઈલ મળ્યા બાદ પોલીસ અધિકારીઓ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ અને ફાયર વિભાગની ટીમો સ્થળ પર પહોંચી તપાસ કરી હતી.

### જેહાદી સંગઠનોની હવે ખેર નહીં

# આતંકવાદ સામે ભારત સરકારે જાહેર કરી એન્ટિ-ટેરર પોલિસી

## રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સહયોગ વધારીને ટ્રાન્સનેશનલ ટેરરિઝમનો ખાત્મો કરવાનું લક્ષ્ય નક્કી કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકારે દેશની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અને સરહદ પારથી ફેલાવવામાં આવતા આતંકવાદને જડબાતોડ જવાબ આપવા માટે સોમવારે પ્રહાર નામની પ્રથમ વ્યાપક આતંકવાદ વિરોધી નીતિ જાહેર કરી છે. આ નવી નીતિ અંતર્ગત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સહયોગ વધારીને ટ્રાન્સનેશનલ ટેરરિઝમ (વિદેશની ધરતી પરથી ફેલાવાતા)નો ખાત્મો કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જાહેર કરેલા દસ્તાવેજો મુજબ, આધુનિક સમયમાં આતંકવાદી સંગઠનો સ્થાનિક નેટવર્ક, લોજિસ્ટિક્સ અને ભૌગોલિક જાણકારીનો ઉપયોગ કરીને હુમલા કરી રહ્યા છે.

પાડોશી દેશોમાં અવારનવાર સર્જાતી અસ્થિરતાનો લાભ ઉઠાવીને આતંકવાદીઓ સુરક્ષિત આશ્રય સ્થાનો બનાવી રહ્યા છે. આ સ્થિતિમાં કેન્દ્ર સરકારની ઝીરો ટોલરન્સ નીતિને આ નીતિથી નવું બળ મળશે.

શું છે આતંકને લગતા ભારતના મુખ્ય પડકારો?

૧. સ્પોન્સર્ડ ટેરરિઝમઃ સરહદ પારથી પ્રાયોજિત આતંકવાદ અને જેહાદી સંગઠનો ભારત માટે મોટો પડકાર છે.

૨. ગ્લોબલ નેટવર્કઃ અલ-કાયદા અને ISIS જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનો સ્લીપર સેલ દ્વારા ભારતમાં હિંસા ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

૩. ટેકનોલોજીનો દુરુપયોગઃ ડ્રોન, એક્રિપ્ટેડ મેસેજિંગ એપ, ડાર્ક વેબ અને ક્રિપ્ટો વોલેટનો ઉપયોગ કરીને આતંકીઓ ઓળખ છુપાવી શકે છે.

૪. પંજાબ અને જમ્મુ-કાશ્મીરઃ આ રાજ્યોમાં ડ્રોન દ્વારા હથિયારો અને નશીલા પદાર્થો મોકલવાનું દુષણ ફેલાયું છે.

૫. CBRNED ખતરોઃ કેમિકલ, બાયોલોજિકલ, રેડિયોલોજિકલ, ન્યુક્લિયર, એક્સપ્લોસિવ અને ડિજિટલ સામગ્રી સુધી આતંકીઓની પહોંચ રોકવી એ એજન્સીઓ માટે મોટો પડકાર છે.

હવે ભારત સરકારે સૈન્ય કાર્યવાહીની સાથે સામાજિક સ્તરે પણ ફેરફારો કરવા પ્રહાર નીતિમાં વિશેષ જોગવાઈ કરી છે. આતંક પ્રભાવિત સમુદાયોને ફરીથી મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ડોક્ટરો, મનોવિજ્ઞાનીઓ, વકીલો અને ધાર્મિક નેતાઓનો સહયોગ લેવામાં આવશે.

આ નીતિ હેઠળ નાગરિક વહીવટ પુનઃનિર્માણ અને પુનઃસ્થાપનના કાર્યોનું નેતૃત્વ કરશે.

ભારતે આતંકવાદને કોઈ ચોક્કસ ધર્મ કે જાતિ સાથે જોડવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. આ નીતિ હેઠળ ભારત અન્ય દેશો સાથે ઈન્ટેલિજન્સ શેરિંગ, પ્રત્યાર્પણ સંધિ (Extradition Treaty) અને મ્યુચ્યુઅલ લીગલ આસિસ્ટન્સ ટ્રિટી જેવા કરારો દ્વારા આતંકીઓને કાયદાના શરણે લાવવા પર પણ ભાર મૂકાશે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બદલાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગુજરાતમાં સ્થાનિક ચૂંટણી પહેલા મુખ્ય ચૂંટણી અધિકારી બદલાયા છે. હરિત શુકલાને બદલે હવે IAS અધિકારી સંદીપ સાગલે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની જવાબદારી નિભાવશે. ભારત ચૂંટણી પંચે ગુજરાત સરકાર સાથે પરામર્શ બાદ આ નિર્ણય લીધો છે. રાજ્યના નવા મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) IAS સંદીપ જનાર્દનપંત સાગલે હરીત શુક્લાની જગ્યાએ જવાબદારી સંભાળશે. તેઓ જે તારીખથી કાર્યભાર સંભાળશે તે દિવસથી આ આદેશ અમલી ગણાશે. સંદીપ સાગલેએ ગુજરાત સરકાર હેઠળના તેમના અન્ય તમામ વર્તમાન હોદ્દાઓ અથવા કાર્યભાર તાત્કાલિક છોડવાના રહેશે. આ નિમણૂક ચૂંટણી પંચે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૧૩-ક ની પેટા-કલમ (૧) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરી છે. ગુજરાતમાં જૂન ૨૦૨૪માં પી. ભારતીની જગ્યાએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે હરિત શુક્લાની નિમણૂક કરવામા આવી હતી. ત્યારે હવે આજે (૨૩ ફેબ્રુઆરી) હરિત શુક્લાની જગ્યાએ સંદિપ સાગલેને જવાબદારી સોંપવામાં આવી છે.

### ગેરકાયદેસર ટેક્સ લેવાનું બંધ કરશે અમેરિકા

# ટ્રમ્પની ટેરિફ વસૂલી પર લાગશે બ્રેક, US સુપ્રીમે ગણાવ્યો હતો ગેરકાયદે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

યુએસ સુપ્રીમ કોર્ટના એક મોટા નિર્ણય બાદ, યુએસ હવે ગેરકાયદે ટેરિફ વસૂલાતને સ્થગિત કરી રહ્યું છે. યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન એજન્સીએ આ જાહેરાત કરી છે. કસ્ટમ્સ એજન્સીએ કહ્યું કે તે મંગળવારે રાત્રે ૧૨:૦૧ વાગ્યે EST (0501 GMT)થી લાગુ થનારા ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) હેઠળ લગાવવામાં આવેલા ટેરિફ વસૂલાતને બંધ કરશે. સુપ્રીમ કોર્ટના આ ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવાના નિર્ણયના ત્રણ દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું છે. એજન્સીએ તેની કાર્ગો સિસ્ટમ મેસેજિંગ સર્વિસ (CSMS) દ્વારા મોકલવામાં આવેલા સંદેશમાં શિપર્સને જાણ કરી હતી કે ટ્રમ્પના IEEPA પહેલાના આદેશો સાથે સંકળાયેલા તમામ ટેરિફ કોડ મંગળવારથી અસરકારક રીતે નિષ્ક્રિય કરવામાં આવશે, જેનો અર્થ એ છે કે આ આદેશો સાથે સંકળાયેલા કોઈપણ ટેરિફ હવે એકત્રિત કરવામાં આવશે નહીં. IEEPA ટેરિફ વસૂલાત અટકાવવાનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે ટ્રમ્પે શુક્રવારે સુપ્રીમ કોર્ટ દ્વારા લગાવવામાં આવેલા ટેરિફને બદલે એક અલગ કાનૂની જોગવાઈ હેઠળ ૧૫ ટકાનો નવો ટેરિફ દુનિયા પર લગાવ્યો છે. જો કે, કસ્ટમ્સ એજન્સીના મેસેજમાં આયાતકારોને સંભવિત રિફંડ વિશે કોઈ માહિતી આપવામાં આવી ન હતી. સંદેશમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આ સસ્પેન્શન ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા અન્ય ટેરિફ પર લાગુ પડતું નથી, જેમાં કલમ ૨૩૨ હેઠળ રાષ્ટ્રીય સુરક્ષાના આધારે લગાવવામાં આવેલા ટેરિફ અને કલમ ૩૦૧ હેઠળ અન્યાયી વેપાર પ્રથાઓ સંબંધિત ટેરિફનો સમાવેશ થાય છે. એજન્સીએ જણાવ્યું હતું કે, "CBP જરૂર પડ્યે CSMS સંદેશાઓ દ્વારા વેપાર સમુદાયને વધારાનું માર્ગદર્શન પૂરું પાડશે. એક ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ, સુપ્રીમ કોર્ટના નિર્ણયથી IEEPA ટેરિફમાંથી યુએસને મળેલા ૧૭૫ બિલિયન ડોલરથી વધુની આવકને સંભવિત રિફંડનો પ્રશ્ન ઊભો થયો છે. અગાઉ, યુએસ સુપ્રીમ કોર્ટે શુક્રવારે ચુકાદો આપ્યો હતો કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટનો ઉપયોગ કરીને ટેરિફ લગાવીનો પોતાની સત્તા ઓળંગી છે. કોર્ટ અનુસાર, ટેરિફ લગાવવાની સત્તા મુખ્યત્વે કોંગ્રેસ (યુએસ સંસદ) પાસે છે. આ નિર્ણય નવ સભ્યોની સુપ્રીમ કોર્ટમાં ૬-૩ બહુમતીથી આપવામાં આવ્યો હતો. આ નિર્ણય પછી તરત જ, ટ્રમ્પે વિશ્વભરના દેશો પર ૧૦ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ, ટ્રમ્પે એક નવા કાયદાનો આશરો લીધો. આ કાયદાની કલમ ૧૨૨ જણાવે છે કે રાષ્ટ્રપતિ "ચુકવણી સંતુલનની ગંભીર ખાધ" સુધારવા માટે ૧૫ ટકા સુધીની આયાત ડ્યુટી લગાવી શકે છે, પરંતુ આ ટેરિફ ફક્ત ૧૫૦ દિવસ માટે જ અમલમાં રહી શકે છે. આને વધુ લંબાવવા માટે કોંગ્રેસ(યુએસ સંસદ)ની મંજૂરી જરૂરી છે.

### જે મહેનત કરે છે, ફાયદો પણ તેને મળવો જોઈએ : શાહ

# ડ્રાઈવર નહીં, તમારે માલિક બનવાનું છે : અમિત શાહ

## ભારત ટેક્સીનો ઉદ્દેશ્ય પણ માલિકોને અમીર બનાવવાનો છે, ફરક ફક્ત એટલો છે કે અહીં માલિક તમે (ડ્રાઈવર) છો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



ભારતના ટેક્સી ક્ષેત્રમાં એક ક્રાંતિકારી ફેરફારની શરૂઆત કરતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૫ ફેબ્રુઆરીએ દિલ્હીમાં "ભારત ટેક્સી"નું લોન્ચિંગ કર્યું હતું. આ દેશનું પ્રથમ એવું રાઈડ-હેલિંગ પ્લેટફોર્મ છે જે સહકારી મોડેલ પર આધારિત છે. સોમવારે ટેક્સી ડ્રાઈવરો સાથે વાતચીત દરમિયાન અમિત શાહે સ્પષ્ટ કર્યું કે, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય વચેટીયાઓને હટાવીને સીધા તે લોકોને લાભ પહોંચાડવાનો છે, જેઓ દિવસ-રાત રસ્તાઓ પર પરસેવો વહાવે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ખાનગી કેબ એગ્રીગેટર્સની કાર્યપદ્ધતિ પર સવાલ ઉઠાવતાં કહ્યું કે, મોટી કંપનીઓનો ઉદ્દેશ્ય ફક્ત પોતાના માલિકોને ધનિક બનાવવાનો હોય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, "અમારી વિચારસરણી એ છે કે જે મહેનત કરે છે, ફાયદો પણ તેને જ મળવો જોઈએ. કોઈ ધનિકને નહીં. ખાનગી કંપનીઓમાં તમારી કમાણીનો ૩૦% હિસ્સો કપાઈ જતો હતો અને કોઈ નિશ્ચિતતા નહોતી. ભારત ટેક્સીનો ઉદ્દેશ્ય પણ માલિકોને અમીર બનાવવાનો છે, ફરક ફક્ત એટલો છે કે અહીં માલિક તમે (ડ્રાઈવર) છો." આ પ્લેટફોર્મ સાથે જોડાવાની પ્રક્રિયા અને ભવિષ્યના આર્થિક લાભને સમજાવતાં ગૃહ મંત્રીએ એક પારદર્શક યોજના રજૂ કરી. ડ્રાઈવરોએ ફક્ત ૫૦૦ રૂપિયાનું રોકાણ કરવાનું છે. ડ્રાઈવરોને તેમની સેવાઓ માટે તાત્કાલિક અને નિશ્ચિત ભાડું મળતો રહેશે. ૩ વર્ષના ધીરજ પછી, કંપનીના નફાનો મોટો હિસ્સો ડ્રાઈવરોમાં વહેંચવામાં આવશે. જો ભારત ટેક્સી ભવિષ્યમાં નફો કમાય તો નફો ડ્રાઈવરોને કેવી રીતે મળશે, તે અંગે પણ અમિત શાહે જણાવ્યું. તેમણે કહ્યું કે, "ત્રણ વર્ષ પછી શું થશે? માની લો કે ભારત ટેક્સી ૨૫ કરોડ રૂપિયા કમાય છે, તો આ ૨૫ કરોડમાંથી ૨૦% એટલે કે ૫ કરોડ રૂપિયા ભારત ટેક્સીના ખાતામાં તમારી પૂંજી તરીકે જમા થશે, અને ૮૦% તમારી ટેક્સીએ કેટલા કિલોમીટર ચલાવ્યા તેના આધારે તમારા ખાતામાં પાછા આવશે. હાલ તો તમને નિશ્ચિત ભાડું મળશે. પણ તમે માલિક છો, તો તમને નફામાં પણ હિસ્સો મળવો જોઈએ. આ હિસ્સો તમને મળશે, પણ પહેલાં ત્રણ વર્ષ ધીરજ રાખવી પડશે."

# તિરૂપતિ મંદિર લાડુ વિવાદ મુદ્દે સુબ્રમણ્યમ સ્વામીની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તિરુપતિના વિશ્વપ્રસિદ્ધ તિરુમાલા મંદિરમાં પ્રસાદના લાડુ બનાવવા માટે વપરાતા ઘીમાં કથિત ભેળસેળના મામલે સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય સંભળાવ્યો છે. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ આંધ્ર પ્રદેશ સરકાર દ્વારા SIT રિપોર્ટની તપાસ માટે એક સભ્યની સમિતિ રચવાના નિર્ણયને પડકાર્યો હતો, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે વહીવટી તપાસ અને ગુનાઈત કાર્યવાહી બંને અલગ-અલગ છે અને તે કાયદા મુજબ સાથે ચાલી શકે છે.

સુપ્રી કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે, આ અરજીમાં પૂરતા આધારનો અભાવ છે. કોર્ટના મતે, રાજ્ય સરકારની સમિતિની તપાસ અને પોલીસની ગુનાઈત તપાસનો વ્યાપ સ્પષ્ટપણે અલગ છે, તેથી બંને પ્રક્રિયા એકબીજામાં દખલ કરશે નહીં. આ આદેશ સાથે હવે આંધ્ર સરકારની તપાસ સમિતિ પોતાની કામગીરી ચાલુ રાખી શકશે, જે મંદિરના વહીવટમાં રહેલી ક્ષતિઓ તપાસશે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની તપાસમાં અત્યંત ગંભીર વિગતો સામે આવી છે. તપાસ મુજબ, ભગવાન વેંકટેશ્વરના મંદિરમાં જે વસ્તુને 'શુદ્ધ ઘી' કહીને વેચવામાં આવી હતી, તે હકીકતમાં કેમિકલ પ્રોસેસ કરેલું પામોલિન તેલ અને અન્ય પદાર્થોનું મિશ્રણ હતું. આ ભેળસેળ માત્ર ધાર્મિક આસ્થા સાથે છેડછાડ નથી, પરંતુ મોટા આર્થિક કૌભાંડ તરફ પણ ઈશારો કરે છે. આ મામલે હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સક્રિય થયું છે. ટીટીડી (TTD) ચેરમેન બી. આર. નાયડુના જણાવ્યા અનુસાર, અગાઉની સરકારના કાર્યકાળ દરમિયાન મંદિરમાં અંદાજે ૬૦ લાખ કિલો ભેળસેળિયું ઘી સપ્લાય કરવામાં આવ્યું હતું, જેની કિંમત આશરે રૂ.૨૫૦ કરોડ થાય છે. ED હવે તપાસ કરી રહી છે કે આટલી મોટી રકમનો વ્યવહાર કેવી રીતે થયો. એજન્સીને શંકા છે કે આ પૈસાના વ્યવહારમાં હવાલા નેટવર્કનો ઉપયોગ થયો હોઈ શકે છે. આ વિવાદ સપ્ટેમ્બર ૨૦૨૪માં ત્યારે શરૂ થયો જ્યારે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ ગંભીર આક્ષેપ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે જગન મોહન રેડ્ડીની સરકાર વખતે તિરુપતિના પવિત્ર લાડુ બનાવવામાં જાનવરોની ચરબીનો ઉપયોગ થયો હતો.




## તંત્રી લેખ......

### જાતિગત તિરાડો વધુ ઘેરી બની, યુજીસીના પગલા પર પ્રશ્નો ઉભા થયા

ઉચ્ચ શિક્ષણ કેમ્પસમાં સમાનતા લાવવાના નામે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા જારી કરાયેલી તાજેતરની માર્ગદર્શિકાએ માત્ર જાતિગત ચર્ચાને ચર્ચાના કેન્દ્રમાં લાવી નથી, પરંતુ હિન્દુ સમાજને ફરી એકવાર જાતિગત રેખાઓ પર વિભાજીત કરતી દેખાય છે. આર્થિક અને શૈક્ષણિક વિકાસને કારણે સમય જતાં જ્ઞાતિ વિભાજનની રેખાઓ ઝાંખી પડવા લાગી હતી, તે હવે ફરી ઊંડાણમાં આવી રહી છે.

વર્તમાન પરિસ્થિતિઓ મંડલ કમિશન રિપોર્ટના અમલીકરણ પછી ઉદ્ભવેલા સમયગાળાની યાદ અપાવે છે, જ્યારે હિન્દુ સમાજ સ્પષ્ટ રીતે વિભાજિત થઈ ગયો હતો. આજે, સમાજ ફરીથી તે માર્ગે આગળ વધી રહ્યો હોય તેવું લાગે છે. જાતિથી રાજકીય રીતે નફો મેળવતા કેટલાક પક્ષો ચૂંટણી લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં આ ચર્ચાને વેગ આપી રહ્યા છે. તેનાથી વિપરીત, ઉચ્ચ જાતિ સમુદાય પણ પોતાના હિતોનું રક્ષણ કરવા માટે વિદ્યાર્થીઓને સક્રિયપણે એકત્ર કરી રહ્યો છે. જો આ ય્ઝ માર્ગદર્શિકાઓનો સમાવેશી અને સાર્વત્રિક રીતે સ્વીકૃત ઉકેલ ન મળે, તો તેની સીધી અસર ભવિષ્યના રાજકારણ પર પડશે. આ માત્ર સામાજિક સંવાદિતાને અસર કરશે નહીં પરંતુ વ્યાપક હિન્દુ એકતાના ધ્યેયને પણ જોખમમાં મૂકી શકે છે. જ્યારે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસે જ્ઞાતિ વિભાજનની દિવાલો નબળી પાડી છે, ત્યારે રાજકારણ તેમને ફરીથી ઉભરી આવ્યું છે. ભૂતપૂર્વ વડા પ્રધાન વિશ્વનાથ પ્રતાપ સિંહને મુખ્યત્વે પછાત જાતિઓના ઉત્થાનના નામે જ્ઞાતિ પ્રવચનને સત્તાના કેન્દ્રમાં લાવવાનો શ્રેય આપવામાં આવે છે. ૧૯૯૦ માં, તેમણે ચૌધરી દેવી લાલના રાજકીય પ્રભાવને રોકવા માટે મંડલ કમિશન રિપોર્ટ લાગુ કર્યો. આ નિર્ણયથી હિન્દુ સમાજ વૈચારિક અને સામાજિક રીતે ભારે વિભાજીત થયો. તે સમયે, લગભગ સમગ્ર ઉત્તર ભારતમાં મંડલ કમિશન સામે વિરોધ શરૂ થયો, અને ઉચ્ચ જાતિના યુવાનો પોતાનું ભવિષ્ય અંધકારમય જોવા લાગ્યા. ત્યારબાદના રાજકારણે, મંડલ કમિશન દ્વારા સર્જાયેલા આ સામાજિક વિભાજનને દૂર કરવાને બદલે વધુ ઊંડું બનાવ્યું છે. જ્યારે સમાજ ધીમે ધીમે સરકારી નોકરીઓમાં પછાત વર્ગો માટે અનામત સ્વીકારી રહ્યો હતો, ત્યારે ૨૦૦૬ માં મનમોહન સિંહ સરકારે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં પછાત વર્ગો માટે અનામત રજૂ કર્યું.

વિદ્યાર્થીઓ ફરી એકવાર આ નિર્ણયના વિરોધમાં રસ્તાઓ પર ઉતર્યા, જેનાથી સામાજિક વિભાજન વધુ વિસ્તર્યું. આજે, જેમ જેમ દેશ ભૂતકાળના સંઘર્ષોની યાદોમાંથી બહાર આવી રહ્યો હતો, તેમ તેમ યુજીસીના નવા માર્ગદર્શિકાઓએ ફરી એકવાર ભારતીય સમાજને ઊંડા આંતરિક સંઘર્ષ અને સામાજિક સંઘર્ષની અણી પર મૂક્યો છે. જોકે આ સંઘર્ષ હજુ સુધી જાહેરમાં શેરીઓમાં દેખાતો નથી, યુનિવર્સિટી કેમ્પસ આ વૈચારિક ઉશ્કેરાટથી ઘેરાયેલા છે. હાલમાં, શૈક્ષણિક સંસ્થાઓ બે અલગ અલગ જૂથોમાં વહેંચાયેલી દેખાય છેઃ માર્ગદર્શિકાના મજબૂત સમર્થકો અને કટ્ટર વિરોધીઓ. ૨૭ જૂન, ૧૯૬૧ ના રોજ, દેશના પ્રથમ વડા પ્રધાન, પંડિત જવાહરલાલ નેહરુએ તમામ મુખ્યમંત્રીઓને એક વિગતવાર પત્ર લખ્યો. આ પત્રમાં, નેહરુએ વર્તમાન જાતિ-આધારિત અનામત પ્રણાલીને મૂળભૂત રીતે નકારી કાઢી હતી. તેઓ અનામત-આધારિત વિકાસને બદલે "જ્ઞાન-કેન્દ્રિત સમાજ" બનાવવા માંગતા હતા. નેહરુએ સ્પષ્ટપણે લખ્યુંઃ "મને કોઈપણ સ્વરૂપમાં અનામત પસંદ નથી, ખાસ કરીને નોકરીઓમાં અનામત. હું એવા કોઈપણ પગલાનો વિરોધ કરું છું જે બિનકાર્યક્ષમતાને પ્રોત્સાહન આપે છે અને આપણને સામાન્યતા તરફ દોરી જાય છે." નેહરુ માનતા હતા કે જો આપણે દેશને આધુનિક અને સ્પર્ધાત્મક બનાવવા માંગતા હોય, તો આપણે યોગ્યતાને પ્રાથમિકતા આપવી જોઈએ. વિડંબના એ છે કે, જો વર્તમાન યુજીસી માર્ગદર્શિકાનો વિરોધ કરનારાઓ આજે પંડિત નેહરુના આ શબ્દોનું પુનરાવર્તન કરશે, તો તેઓ તરત જ "સામાજિક ન્યાય" ના વિરોધીઓ તરીકે લેબલ કરવામાં આવશે. આ હકીકત દર્શાવે છે કે છેલ્લા છ દાયકામાં ભારતીય રાજકારણ અને સામાજિક ચર્ચાની દિશા કેટલી બદલાઈ ગઈ છે.

ખેડૂતોના પંપ સેટ માટે તાલુકા કક્ષાએ સર્વિસ સ્ટેશન બનાવવા માંગઃ ચૈતર વસાવા

# નર્મદા જિલ્લાના જંગલ વિસ્તારમાં સોલાર પંપમાં યુનિવર્સલ સોલાર પંપ કંટ્રોલ લગાડવા AAP ધારાસભ્ય ચૈતર વસાવાની માંગ

### નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક અને સામાન્ય આરોગ્ય કેન્દ્ર તથા જનરલ હોસ્પિટલોમાં લગભગ ૩૦ ટકા જેટલી જગ્યાઓ ખાલીઃ ચૈતર વસાવા

અમદાવાદ/નર્મદા/છોટાઉદેપુર

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભા ખાતે એક પત્રકાર પરિષદમાં મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લાના જે જંગલ વિસ્તાર છે, ત્યાં ખેતીવાડીની વીજળી પહોંચી નથી શકતી. તો પીએમ કુસુમ યોજના અંતર્ગત સિંચાઈ માટે જે સોલાર પંપ આપવામાં આવે છે એને લઈને ચર્ચાઓ થઈ હતી. અમે સરકારના મંત્રીને જણાવ્યું કે યુનિવર્સલ સોલાર પંપ કંટ્રોલ (USPC) દ્વારા જે સિંચાઈ સિવાયના સમયમાં ઉર્જાનો સંગ્રહ કરી શકે છે, તેનો ઉપયોગ ઘરવપરાશ, પશુપાલન અને કૃષિના સાધનો ચલાવવા માટે થાય, તેના માટે સોલાર પંપમાં યુનિવર્સલ સોલાર પંપ કંટ્રોલ લગાડવા માટેની માંગ કરી છે. પ્રધાનમંત્રી મોદીએ પોતાના 'મનકી બાત' પ્રોગ્રામમાં આ વાત મૂકી હતી અને રાજસ્થાનમાં તેમણે પોતે ડેમો પણ જોયો છે. ગુજરાતમાં પણ ખેડૂતોને USPC લગાડીને સોલાર પંપ આપવામાં આવે એવી વાત કરી છે. બીજી બાબત એ કે ખેડૂતોને વેન્ડરના નંબર આપી દેવામાં આવે છે અને જ્યારે ખેડૂતના સ્ટાર્ટર કે મોટર કંઈ પણ બગડે છે તો ત્યાં સ્થાનિકમાં કોઈ પણ સર્વિસ સ્ટેશન હોતા નથી. પછી ખેડૂત કંપનીમાં પોતાનો પંપ સેટ મોકલે અને એને પાછો આવતા અઠવાડિયાથી લઈને ૧૫ દિવસ લાગે છે, તો ઘણી વખત ખેડૂતોના પાક પણ સુકાઈ જતા હોય છે. માટે મેં માંગ કરી છે કે તાલુકા કક્ષાએ દરેક વેન્ડરનું પોતાનું સર્વિસ સ્ટેશન હોય એ જરૂરી છે, જેથી ત્યાં જ રીપેરીંગ થઈ જાય એવી અમે માંગ કરી છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, જે પણ વેન્ડરોને એમ્પેનલ કરવામાં આવેલા છે, એમાંથી બે ત્રણ એજન્સી સિવાયના જેમકે દર્શનીલ ઈલેક્ટ્રોમેશન અને રોટોમોકમોટર દ્વારા ખેડૂતો પાસેથી ફોર્મ ભરતી વખતે રૂ.૧,૦૦૦ લેવામાં આવે છે જ્યારે મંત્રીએ કહ્યું છે કે કોઈ ખેડૂતે પૈસા આપવાના નથી હોતા. સ્ટ્રક્ચર ઊભું કરવામાં પણ રૂ.૧,૫૦૦ લેવામાં આવે છે એવી અમને ફરિયાદો મળી છે. એસ્ટીમેટ પ્રમાણે જે મોટર ૩૦૦ ફૂટ અંદર બોરમાં ઉતારવાની જોગવાઈ છે પરંતુ આ કંપનીઓ ૨૦૦ ફૂટ કે ૨૧૦-૨૫૦ ફૂટ અંદર મોટર લટકાવીને જતા રહે છે. જેના કારણે એક કે બે કલાક જ સિંચાઈનું પાણી ચાલે છે અને મોટર બંધ થઈ જાય છે. તો જે પ્રમાણે કામ નક્કી થયા છે અને સ્પેસિફિકેશન હોય એ પ્રમાણે જ કામ થાય તે મુદ્દે તપાસ કરવામાં આવે તેવી મેં માંગ કરી છે.

પોતાના બીજા પ્રશ્નો મુદ્દે ધારાસભ્ય ચૈતર વસાવાએ વાત કરતા જણાવ્યું હતું કે, બીજો પ્રશ્ન હતો કે નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં જેટલા પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામાન્ય આરોગ્ય કેન્દ્ર અને જનરલ હોસ્પિટલો છે તેમાં કેટલી જગ્યાઓ ખાલી છે, તો લગભગ ૩૦ ટકા જેટલી જગ્યાઓ અને એમાં વર્ગ ૧, વર્ગ ૨, વર્ગ ૩, અને વર્ગ ૪ એમ તમામમાં જગ્યાઓ ખાલી છે. ૨૫૦૦૦ કરોડનું આપણું આરોગ્યનું બજેટ છે, તો PMJAY અંતર્ગત નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં કેટલા કાર્ડ ધારકોને લાભ આપવામાં આવ્યો એની પણ અમે માહિતી માંગી. જવાબ મળ્યો કે નર્મદામાં છેલ્લા બે વર્ષમાં સારવાર માટે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી અને છોટાઉદેપુરમાં ૪૭.૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તો વસ્તી પ્રમાણે અમને લાગે છે કે નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાના લોકોને ખૂબ જ ઓછો લાભ મળ્યો છે.

વધુ એક અન્ય સવાલ મેં કર્યો હતો કે નર્મદા અને તાપી જિલ્લામાં સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રમાં પુરા જિલ્લામાં કેટલી શબવાહિનીઓ છે તો તેના જવાબમાં સરકારે કહ્યું કે નર્મદા અને તાપી જિલ્લામાં એક પણ શબવાહિની નથી, આ ખૂબ જ દુઃખદ બાબત છે. જ્યાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી આવી છે, એ નર્મદા જિલ્લો છે, અને નર્મદા બંધ પણ ત્યાં આવેલો છે, છતાં જિલ્લામાં એક પણ શબવાહિની નથી. કોઈનું મૃત્યુ થાય છે, તો ટ્રેક્ટરમાં કે પીક-અપ ટ્રકમાં કે ઝોળીમાં નાખીને તેમને લઈ જવા પડે છે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નર્મદા જિલ્લાની વરવી વાસ્તવિકતા છે. આના પરથી સરકારની મંશા અને સરકારની બેદરકારી દેખાઈ રહી છે.

લોકોને યોગ્ય જગ્યા આપવામાં આવે કે પછી વૈકલ્પિક જગ્યા મળે તેવી પીડીતોની માંગ

## રાજકોટના જંગલેશ્વરમાં ડીમોલીશનઃ જયાં બાળકોની કીલકારી ગુંજતી ત્યાં બુલ્ડોઝર ફરી વળ્યાઃ રડતા રડતા મહિલાઓએ કહ્યુ ઘર વગરના કહી નાખ્યા





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આજે સોમવારે રાજકોટના ઈતિહાસનુ સૌથી મોટુ ડીમોલીશન હાથ ધરવામાં આવ્યુ હતું. મહાનગરપાલિકાની ટીમ દ્વારા પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આજે સોમવાર સવાર થી જ જંગલેશ્વર વિસ્તારમાં બાંધકામો તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ડીમોલીશનની કામગીરી દરમિયાન હૃદય દ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. આસરો ગુમાવનારા પરીવારજનો ભાવુક થઈ ગયા હતા. જે શેરીઓમાં બાળકોની કીલકારી ગુંજતી હતી ત્યાં આજે બુલ્ડોઝર ફરી વળ્યા હતા. આસરો છીનવાઈ જતા મહિલાઓ ચોંધાર આંસુએ રડી પડી હતી.

મનપાની ટીમ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે જંગલેશ્વરમાં ડીમોલીશન કરવામાં આવ્યુ હતું. જે બે દિવસ સુધી ચાલનારૂ છે. ડીમોલીશનની કામગીરી દરમિયાન ત્યારે આસરો છીનવાતા મહિલાઓ રડી પડી હતી. રડતા રડતા મહિલાઓએ પોતાની વેદના મીડીયા સમક્ષ જણાવી હતી. એક મહિલાએ જણાવ્યુ હતુ કે છેલ્લા ૬૦ વર્ષથી અહી રહેતા હતા. ૬૦ વર્ષથી રહેતા હતા ત્યારે તો કોઈ કઈ કહેવા ન આવ્યુ અને હવે અમને ઘર વગરના કરી નાખ્યા છે. જે ઘરમાં જીંદગી વિતાવી એ ઘર પાડી નાખે ત્યારે કેવુ લાગે, સ્થાનિક વ્યકિતઓએ જણાવ્યુ હતુ કે આ વિસ્તારમાં જે કોઈ લોકો રહે છે તેમને કાયદો વ્યવસ્થા અને ન્યાય પાલિકા પર ભરોસો છે. આ પરીસ્થિતિની અંદર છેલ્લા ૪૮ કલાકમાં જે ડીમોલીશન થયુ છે તે લોકો દ્વારા સ્વૈચ્છિક રીતે કરવામાં આવ્યુ છે. ૧ હજાર થી વધારે લોકોના મકાન અને બીજી નાની મોટી પ્રોપર્ટીમાં કેટલીક દુકાનો અને મકાનોને ડીમોલીશન થયુ છે. હાલ તંત્ર દ્વારા જે કામગીરી સવાર થી શરૂ કરવામાં આવી છે એ સંદર્ભે જોઈએ તો ૮૦ થી ૮૫ ટકા જેટલુ ડીમોલીશન સ્થાનિક લોકોએ પોતાની રીતે સ્વૈચ્છિક જ કરી નાખ્યુ છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે હાલ જે સ્થિતિ છે તેને હું શબ્દોમાં વર્ણવી શકુ તેમ નથી. આ દ્રશ્યો જોઈ શકાતા નથી કે બાળકો અને મહિલાઓની ચીસો સાંભળી શકાતી નથી. જેમણે અહી જીંદગી કાઢી નાખી તેમની આ સ્થિતિ જોઈ શકાય તેમ નથી, તંત્ર પાસે અમારી માંગણી છે કે આ લોકોને જગ્યા આપવામાં આવે કે પછી વૈકલ્પિક જગ્યા મળે, પોલીસ અધિકારીઓએ મીડીયા સમક્ષ જણાવ્યુ હતુ કે શહેરમાં ચાલી રહેલા મેગા ડીમોલીશન ડ્રાઈવ અંતર્ગત ૭ ઝોનમાં એક સાથે ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે પોલીસ કમિશ્નર ના સીધા સુપરવિઝન હેઠળ વ્યાપક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ બંદોબસ્ત માં ૨૫૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. જેમાં મહિલા પોલીસ કર્મીઓનો પણ સમાવેશ થાય છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે મહિલાઓ, બાળકો અને વૃધ્ધો સાથેના વ્યવહારમાં સંવેદનશીલતા જાળવવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યુ છે.આ ઉપરાંત સોશીયલ મીડીયા, મોનીટરીંગ સેલ અને ડ્રોન સર્વેલન્સ ટીમો પણ તૈનાત કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે ૧૦ જેટલી એસઆરપીએફ (રાજય રીઝર્વ પોલીસદળ) કંપનીઓ પણ ફરજ પર છે. તમામ વરીષ્ઠ અધિકારીઓ પોતાની એન્ટી રાયટ ટીમો સાથે સ્થળ પર હાજર રહી પરીસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

## ગુજરાત સરકારને બે વરસમાં માત્ર લીકર પરમીટ ફી ની જ થઈ ૧૬ કરોડ થી વધુની આવક



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં રાજયમાં બજેટસત્ર ચાલી રહ્યુ છે. ૧૫ મી વિધાનસભાના બજેટસત્રમા પ્રશ્નોત્તરી દરમિયાન ગૃહમાં દારૂ બંધીનો મુદ્દો ઉઠયો હતો. કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ વિધાનસભા ગૃહમાં લીકર માટેની કેટલી પરમીશન સરકારને મળી છે તે મુદ્દો ઉઠાવ્યો હતો. વિધાનસભામા કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યુ હતુ કે ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા અમદાવાદ સીવીલ હેલ્થ પરમીટ માટેની કેટલી ભલામણો આવી છે. તે અંગે સરકારે જવાબ આપતા જણાવ્યુ હતુ કે ૨૧/૧/૨૦૨૪ થી ૨૦/૧/૨૦૨૫ દરમિયાન ૨૯૩ નવી અરજીઓ મળી છે. તેમજ ૨૧/૧/૨૦૨૫ થી ૨૦/૧/૨૦૨૬ સુધી ૯૫૬ એમ કુલ બે વર્ષમા ૧૨૪૮ જેટલી અરજીઓ મળી હતી. જયારે રીન્યુ માટે પ્રથમ વર્ષ ૨૯૬૭ અરજીઓ રીન્યુ માટે મળી હતી. તેમજ ૨૯૫૫ જેટલી અરજીઓ રીન્યુ માટેની હેલ્થ વિભાગને મળી હતી. જેમાં અમદાવાદ સીવીલ હોસ્પીટલમા હેલ્થ માટેની પરમીશનની બે વર્ષમાં ૧૧૬૧ જેટલી ભલામણો મંજુર કરવામાં આવી છે. જયારે રીન્યુ માટેની ભલામણ અરજીઓની વાત કરીએ તો ૫૮૮૬ જેટલી અરજીઓ મંજુર કરવામાં આવી છે. જો કે સરકારે કબુલ કર્યુ છે કે ૨૯ જેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમા નામંજુર કરવામાં આવી છે. જે માટે બે વર્ષમાં લીકર પરમીટ માટે સરકારને અધધ કમાણી થઈ હતી. જે મુજબ પરમીટ માટેની ફી ની રકમ ૧૬ કરોડ ૫૧ લાખ ૮૩ હજાર આવક થઈ છે. આમ ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ અમદાવાદ સીવીલ હોસ્પીટલના હેલ્થ વિભાગને લીકર માટેની પરમીશન માટેની કેટલી અરજીઓ આવે છે જે પૈકી અધધ અરજીઓ લીકર પરમીશન માટેની પાસ કરી હોવાનુ ગૃહમા આરોગ્ય મંત્રી દ્વારા કબુલાત કરવામાં આવી હતી. જો કે દારૂબંધી વચ્ચે પરમીશન માટેની હોડ પણ મોખરે હોય તેવુ લાગે છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૨૩/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૦૬ | ૪૭૫.૦૦ | ૫૩૯.૦૦ |
| ૨ | મગફળી | ૫૩ | ૧,૩૮૦.૦૦ | ૧,૭૦૧.૦૦ |
| ૩ | એરંડા | ૫૫ | ૧,૨૬૧.૦૦ | ૧,૨૭૩.૦૦ |
| ૪ | રાયડો | ૧૧૩ | ૧,૦૫૧.૦૦ | ૧,૧૪૧.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | મકાઇ | ૦ | ૨૫૦.૦૦ | ૩૨૦.૦૦ |
| ૭ | તુવર | ૩૦ | ૧,૨૦૦.૦૦ | ૧,૩૯૦.૦૦ |
| ૮ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૦ | કપાસ | ૧૪૪ | ૧,૪૩૩.૦૦ | ૧,૫૭૭.૦૦ |

મુનિમજી સોફટવેર

## સુરતના ગજેરા બંધુઓ સામે કરોડોના ફ્રોડનો ગુનો નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના જાણીતા હીરા ઉદ્યોગપતિ અને લક્ષ્મી ગ્રુપના સંચાલકો એવા ગજેરા બંધુઓની મુશ્કેલીમાં ધરખમ વધારો થયો છે. પી.એન.બી. કૌભાંડના મુખ્ય આરોપી મેહુલ ચોકસી સાથેના કથિત જોડાણો અને કરોડોની છેતરપિંડીના ગંભીર મામલે ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ સુરત પોલીસે વસંત ગજેરા સહિત ૭ શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે. અગાઉ સ્થાનિક કક્ષાએ રજૂઆત છતાં કાર્યવાહી ન થતા મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટના કડક વલણ બાદ પોલીસે એક્શનમાં આવવું પડ્યું છે.ફરિયાદી પ્રવિણ દેવકીનંદન અગ્રવાલ (ભૂતે) દ્વારા આ મામલે ઈકો સેલમાં અગાઉ ફરિયાદો કરવામાં આવી હતી, પરંતુ ગજેરા બંધુઓ તપાસમાં હાજર રહ્યા નહોતા. આખરે ફરિયાદીએ હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન (૨૦૨૪/૨૦૨૬) દાખલ કરી હતી. જેની સુનાવણી બાદ નામદાર કોર્ટે સુરત પોલીસ કમિશનરને કડક આદેશ આપી, દર્શાવેલી તમામ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવા હુકમ કર્યો હતો.

## પાપી પેટ કા સવાલ હે?



ઉપરોક્ત તસવીર સુરત કોટસફીલ રોડ ઉપર આવેલા પે એન્ડ યુઝ ટોઈલેટની છે. જેમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે સદર જગ્યાની સાફ-સફાઈ કરનારા પોતાની ભૂખ સંતોષવા પે એન્ડ યુઝ ના મુખ્ય દરવાજા પાસે જ ટેબલ ઉપર બેસી પેટની આગ ઠારી રહ્યો છે ત્યારે કાળા માથાના માનવીએ કાળી મજૂરી કરીને પણ પોતાનું અને પોતાના પરિવારનું ભરણપોષણ કરવા પેશાબની વાસ વચ્ચે મજબૂરી વશ પણ પેટને ભાડું આપવું પડે છે. એવી આ તસવીર કારમી મોંઘવારી, બેકારી અને મજબૂરીના મિશ્રણનો જીવતો જાગતો નમૂનો છે.

(તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા ધ્વારા)

## બાળકોને શિક્ષણ આપવાનુ કે દારૂ પીવાનો? લામડાપુરામાં નશાખોર આચાર્ય સામે લોકોનો આક્રોશ

લામડાપુરા પ્રાથમિક શાળાના મુખ્ય દરવાજા પર ગ્રામજનોએ તાળુ માર્યુ : આચાર્ય નશો કરતો હોવાના આક્ષેપ સાથે તાળાબંધી






પ્રતિનિધિ,ગાંધીનગર

સંસ્કારી નગરી તરીકે જાણીતા વડોદરા જીલ્લાના સાવલી તાલુકાના લામડાપુરા ગામના લોકોએ શાળાના આચાર્ય વિરૂધ્ધ ભારે હોબાળો મચાવ્યો છે.

આજે સોમવારે ગ્રામજનોએ આક્રોશમાં આવીને લામડાપુરા પ્રાથમિક શાળા ના મુખ્ય દરવાજા પર તાળાબંધી કરી હતી. ગ્રામજનોનો આક્ષેપ છે કે શાળાના આચાર્ય નશો કરીને શાળાએ આવે છે જેના કારણે બાળકોના શિક્ષણ અને ભવિષ્ય પર ગંભીર અસર પડી રહી છે.

સ્થાનિકોના કહેવા પ્રમાણે આ આચાર્યનુ વર્તણુંક લાંબા સમયથી વિવાદાસ્પદ રહી છે. ગ્રામજનોએ અનેકવાર શિક્ષણ વિભાગને આ બાબતે રજુઆતો કરી હતી. આચાર્ય ની તાત્કાલીક બદલી કરવાની માંગણી કરવામાં આવી હતી. તેમ છતાં તંત્ર દ્વારા કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી ન હતી અંતે કંટાળેલા વાલીઓ અને ગ્રામજનોએ આજે સોમવારે શાળાને તાળાબંધી કરવાનો નિર્ણય લીધો હતો. ગ્રામજનોએ સવાલો ઉઠાવ્યા હતા કે આચાર્ય શાળામાં બાળકોને ભણાવવા આવે છે કે દારૂ પીવા ? પોલીસની હાજરી માં જ આવા આકરા સવાલો કરી આચાર્યની બદલીની માંગ કરી છે. શાળાને તાળાબંધી કરવામાં આવી હોવા છતાં ગ્રામજનોએ બાળકોનુ શિક્ષણ બગડે નહી તેની તકેદારી રાખી હતી. તમામ વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયત ના પરીસરમાં બેસાડવામાં આવ્યા હતા અને ત્યાંજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવામાં આવી હતી.

ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમા જણાવ્યુ હતુ કે જયાં સુધી નશાખોર આચાર્ય વિરૂધ્ધ કાર્યવાહી નહી થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગ્રામજનોએ મંજુસર પોલીસ મથકે અને શિક્ષણ વિભાગને ટેલીફોનીક જાણ કરી હતી જેથી પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. ગ્રામજનોએ વહેલી તકે આચાર્યની બદલી કરી નાંખવા માંગ કરી હતી. તો બીજી તરફ આચાર્ય એ આક્ષેપોને નકાર્યા હતા જો આચાર્યની બદલી નહી થાય તો ગ્રામજનોનો વિરોધ વધુ ઉગ્ર બને તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૨૮૧૭ અને ચાંદીના વાયદામાં રૂ.૧૨૧૯૦નો ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૧ લપસ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૪૮૫.૧૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૫૭૬૪.૨૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૪૫૯.૮૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૭૮૪ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૨૨૫૩.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૪૮૫.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૫૭૬૪.૨૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૯૭૮૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૨૭.૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૪૫૯.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૪૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૬૦૦ અને નીચામાં રૂ.૧૫૮૧૧૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૬૮૭૬ના આગલા બંધ સામે રૂ.૨૮૧૭ વધી રૂ.૧૫૯૬૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૩૨૬ વધી રૂ.૧૨૭૯૭૮ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૨૮ વધી રૂ.૧૬૧૪૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૫૨ વધી રૂ.૧૫૭૪૫૫ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૬૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૮૯૮૫ અને નીચામાં રૂ.૧૫૬૭૩૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૫૫૩ના આગલા બંધ સામે રૂ.૨૦૩૫ વધી રૂ.૧૫૭૫૮૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૩૦૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૮૮૭૫ અને નીચામાં રૂ.૨૬૦૦૨૮ના મથાળે અથડાઈ, રૂ.૨૫૨૯૪૪ના આગલા બંધ સામે રૂ.૧૨૧૯૦ વધી રૂ.૨૬૫૧૩૪ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨૪૩૯ વધી રૂ.૨૬૬૯૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૧૬૯૮ વધી રૂ.૨૬૫૮૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૩૬૧.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૯ વધી રૂ.૧૧૭૧.૦૫ થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૬ વધી રૂ.૩૨૭.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૯૦ પૈસા વધી રૂ.૩૦૮.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૧૮૭.૬૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૫૭૦.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૮૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૫૮૦ અને નીચામાં રૂ.૩૪૮૧ના મથાળે અથડાઈ, રૂ.૭૯ વધી રૂ.૩૫૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૬૦૯૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૦૯૩ અને નીચામાં રૂ.૫૯૬૦ના મથાળે અથડાઈ, રૂ.૬૦૫૭ના આગલા બંધ સામે રૂ.૨૧ ઘટી રૂ.૬૦૩૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૧૮ ઘટી રૂ.૬૦૩૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧ વધી રૂ.૨૮૩.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો ૫૦ પૈસા વધી રૂ.૨૮૩.૧ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૫૬ના ભાવે ખૂલી, રૂ.૩.૬ ઘટી રૂ.૯૫૨ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૮૭૦ વધી રૂ.૨૫૫૦૦ થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૮ ઘટી રૂ.૨૫૫૪ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૧૮૩.૦૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૨૭૬.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૭૩૦.૧૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૩.૩૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬.૨૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૩.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૧.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૪૩.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૯૬.૬૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૨૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૫૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૭૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૮૪૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૮૭૫૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૩૨૨૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૪૩૬૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૩૬૨૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૦૪૦૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૬૬૧૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૦૭૮૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૬૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૦૯૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨૬૦૨ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૯૮૮૫ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૯૦૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૫૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૦૪૧ પોઈન્ટ વધી ૩૯૭૮૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૮ ઘટી રૂ.૩૬૭.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ વધી રૂ.૨૧.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫ વધી રૂ.૩૮૨ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૬.૫ વધી રૂ.૪૫૩ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૪ વધી રૂ.૧૭.૬૯ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૭૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૩ પૈસા ઘટી રૂ.૦.૭૯ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૧૦ પૈસા વધી રૂ.૩૨૪.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા ઘટી રૂ.૨૩.૧ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૯ ઘટી રૂ.૨૯૨ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૪૧.૫ ઘટી રૂ.૫૪૫ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૪ ઘટી રૂ.૧૧.૧૭ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩ પૈસા વધી રૂ.૬.૯૯ના ભાવે બોલાયો હતો.

# ચિંતાજનક રીતે રોજ રોજ બનતા સાયબર ફ્રોડના ગુન્હાઓ કેમ રોકાતા નથી?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજકાલ ભારતભરમાં સાયબર છેતરપિંડીનું નેટવર્ક એટલું વ્યાપક બન્યું છે કે કોણ ક્યારે અને ક્યાં ભોગ બનશે તે આગાહી કરવી અશક્ય છે. આવા કેસોમાં ઝડપથી વધારો એ ગંભીર ચિંતાનો વિષય છે. અહીં પ્રશ્ન એ છે કે આધુનિક ટેકનોલોજીના આ યુગમાં સાયબર છેતરપિંડી કેમ રોકી શકાતી નથી? લોકો છેતરપિંડીનો ભોગ બને છે. તેમના જીવનભરની બચત ગુમાવે છે. એમાંય "ડિજિટલ ધરપકડ" જેવા કિસ્સાઓમાં પીડિતોને માનસિક ત્રાસ પણ ભોગવવો પડે છે. આવા ગુન્હાઓને રોકવાના પ્રયાસમાં કેન્દ્ર સરકારે ગૃહ મંત્રાલયના વિશેષ સચિવની અધ્યક્ષતામાં એક આંતર-મંત્રી સમિતિની રચના કરી છે. આ સમિતિએ એમ પણ કહ્યું છે કે સીબીઆઈ હવે "ડિજિટલ ધરપકડ" સંબંધિત તમામ કેસોની તપાસ કરશે. જોકે આ સરકારી પગલું ફક્ત ત્યારે જ અસરકારક સાબિત થશે જો સાયબર છેતરપિંડી કરનારાઓને ગુનો કરતાં પહેલા પકડવામાં કે રોકવામાં આવે. પરંતુ જે રીતે આપણે ત્યાં ડિજિટલ અરેસ્ટના બનાવો સતત વધી રહ્યા છે અને એમાં ઉચ્ચશિક્ષિત લોકો પણ સપડાઈ રહ્યા છે એ ચિંતા ની બાબત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે એક આદેશમાં "ડિજિટલ ધરપકડ" ની વધતી જતી ઘટનાઓ બાબતે ચિંતા વ્યકત કરી હતી. અને કહ્યું હતું કે સરકારે તેની સામે કામ પાર પાડવા માટે કડક પગલાં લેવા જોઈએ. હકીકતમાં દેશમાં ઓનલાઈન વ્યવહારોમાં વધારા સાથે સાયબર છેતરપિંડીના કેસોમાં પણ વધારો થયો છે. આનું સૌથી મોટું કારણ એ છે કે સામાન્ય નાગરિકો ખાસ કરીને વૃધ્ધો નવી ટેકનોલોજી અને ઓનલાઈન જોખમોથી અજાણ છે. એક નાની ભૂલ થી છેતરપિંડી કરનારાઓ લાખો રૂપિયા પળભરમાં ઉઠાવી શકે છે. દરરોજ સાયબર છેતરપિંડીની નવી પધ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે તે ચિંતાજનક છે.

આવી સ્થિતિમાં ડિજિટલ સાક્ષરતા ધ્વારા વ્યાપક સ્તરે સામાન્ય લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે. મુદ્દો ફક્ત આવા કેસોની તપાસ કરવાનો નથી પરંતુ તે બનતા પહેલા તેને અટકાવવાનો પણ છે. જ્યાં સુધી સાયબર ગુનેગારોને પકડવા માટે એક મજબૂત તંત્ર સ્થાપિત ન થાય ત્યાં સુધી આવા કેસોને સંપૂર્ણપણે કાબૂમાં લેવાનું શક્ય બનશે નહીં.

અત્યાર સુધી સરકાર સાયબર સુરક્ષા માટે જે કાર્યવાહી કરી રહી છે એમાં જનતા એટલેકે યુઝર્સ પર જ સઘળો સાવચેતીનો ટોપલો ઢોળી દેવાય છે.

હવે આપણે ત્યાં શિક્ષિત લોકો પણ આ સાયબર છેતરપિંડીની આટીમાં ફસાઈ જાય છે. તો પછી જેમની વસતી આપણે ત્યાં ખૂબ મોટી છે એવા અર્ધશિક્ષિત કે અશિક્ષિત લોકોની શી વિસાત??

# સુરત મહાનગરપાલિકામાંથી સ્વૈચ્છીક નિવૃત્તિ લેનારા ઉચ્ચ અધિકારીઓની પણ ACB ધ્વારા તપાસ કરવી જરૂરી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકા જાણે કે ભ્રષ્ટાચારનો અખાડો બની ગઈ હોય એમ ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન થયેલા અધિકારીઓ સુરત મ.ન.પા ને જાણે કે દલા તલવારીનું ખેતર સમજી ગયા હોય એમ પોતાના હોદ્દાની રૂએ લાંબી ટૂંકી રોકડી કરવામાં પાછા નહીં પડતાં અને અરજદારને મજબૂર બનાવી ખંખેરી લેતા હતા. સદર અધિકારીઓ વિરુધ્ધ સુરત મ.ન.પા ની વિજિલન્સમાં કેટલીય લેખિત ફરિયાદો અરજદારો ધ્વારા કરવામાં આવતી હોવા છતાં આજદિન સુધી સુરત મ.ન.પા ની વિજિલન્સ બ્રાન્ચે કશું ઉકાળ્યું નહીં હોવાથી મ.ન.પા ના અધિકારીઓની જોહુકમીથી કંટાળેલા અરજદારો હવે જાગૃત બની ને ACB (એન્ટી કરપ્શન બ્રાન્ચ) નો સંપર્ક કરી ને મ.ન.પા અધિકારીઓને સાણસામાં લઈ રહયા છે. ત્યારે આપણે હવે વાત કરવાની છે કે જે અધિકારીઓએ સને ૨૦૨૦ થી આજદિન સુધીમાં સ્વૈચ્છીક નિવૃત્તિ લીધી છે એવા અધિકારીઓની પણ ACB ધ્વારા જો તપાસ કરવામાં આવે તો એવા અધિકારીઓએ સુરત શહેરના વિવિધ વિસ્તારો સહિત વિદેશોમાં પણ મિલકતો વસાવી છે. એટલું જ નહીં એમના વૈભવી બંગલા અને કરોડો રૂપિયાના ફલેટો ધરાવે છે, લકઝૂરિયસ ગાડીઓ ધરાવે છે અને એમના સંતાનો મોંઘી ફી ભરીને વિદેશોમાં અભ્યાસ કરી રહ્યા છે. આવી તમામ બાબતોની પણ તલસ્પર્શી તપાસ કરવી જરૂરી છે. આવા અનેક ચોંકાવનારા સમાચારોનો વિગતવાર અહેવાલ સ્વૈચ્છીક નિવૃત્તિ લેનાર અધિકારીઓના નામ હોદ્દા સાથેનો ટૂંક સમયમાં જ પ્રસિધ્ધ કરી પર્દાફાશ કરવામાં આવશે. એમાં ખાસ કરીને જે અધિકારીઓએ ફરજ દરમ્યાન વારંવાર વિદેશોની ટુરો કરી છે તેમજ જે અધિકારીઓએ કયા કારણોસર એકાએક સ્વૈચ્છીક નિવૃત્તિ લીધી છે. અને સાથે સાથે જે અધિકારીઓ ફરજ દરમ્યાન ભ્રષ્ટાચાર કરી ને અપ્રમાણસર મિલકતો બનાવી, એમના બેક્ર લોકરો ની સાથે સાથે ખેતીવાડીની જમીનો અને ફાર્મ હાઉસ ધરાવે છે અને લકઝૂરિયસ લાઈફ જીવતા હોય એવા વયનિવૃત્ત થતાં જેઓ રિટાયર્ડ થયેલા છે એવાની પણ ACB ધ્વારા તપાસ કરાય એ જ સમયની માંગ છે.

# રામપુરા ગામે મંદિરની દિવાલ તોડવા મામલે ગેનીબેન ઠાકોરે ભાજપ પર સાધ્યુ નિશાન

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના રામપુરા ગામે મંદિરની દિવાલ તોડવાના મામલે કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં કોંગ્રેસના અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી, સાંસદ ગેનીબેન ઠાકોર, અમૃતજી ઠાકોર, ચંદનજી ઠાકોર, રાજુ ગોહેલ અને મહીલા કોંગ્રેસ પ્રમુખ મનિષાબેન મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. મંદિરની દિવાલ તોડી



પાડવાના મામલે ઠાકોર સમાજમાં આક્રોશ સાથે ભારે રોષ ફેલાયો છે. વિરોધ સ્વરૂપે યોજાયેલી આ આક્રોશ સભામાં કોંગ્રેસના નેતાઓએ પોલીસ અને વહિવટી તંત્ર પર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે ગ્રામજનોની લાગણીઓને ઠેસ પહોચાડવામાં આવી છે. અને યોગ્ય કાર્યવાહી થવી જોઈએ, આ લડત માત્ર રામપુરા ગામની નથી પરંતુ સમગ્ર ગુજરાત માટે એક સંદેશ છે, સાંસદ ગેનીબેને ઠાકોરે પોતાના સંબોધનમાં ભાજપ પર નિશાન સાધતા કહ્યુ હતુ કે આ લડત માત્ર રામપુરા ગામની નથી, પરંતુ સમગ્ર ગુજરાત માટે એક સંદેશ છે. તેમણે ગ્રામજનોની હિંમતના વખાણ કરતા જણાવ્યુ હતુ કે તમે અન્યાય સામે લડવાની તૈયારી બતાવી તે બદલ અભિનંદન, તમે અન્યાય સહન ન કર્યો અને સમગ્ર ગુજરાતનુ મનોબળ મજબુત કર્યુ તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે આખા ગુજરાતને અન્યાય સામે લડવાનો મેસેજ રામપુરા ગામથી મળ્યો છે. સાથે જ ચેતવણી આપતા કહ્યુ હતુ કે અમારા કોઈ કાર્યકરને ટાર્ગેટ કરવામાં આવશે તો અમે તેમની સાથે મજબુત રીતે ઉભા રહીશુ, સભા દરમિયાન મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને મંદિર મુદ્દે ન્યાય ની માંગ સાથે એકતા દર્શાવી હતી.

# ભ્રષ્ટાચાર-દિકરીની જાસુસી કરનારાના મોંઢે વંદે માતરમ્ નારો શોભતો નથીઃ જિગ્નેશ મેવાણી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામા હાલ બજેટસત્ર ચાલી રહ્યુ છે. ત્યારે વિધાનસભા ગૃહમાં મુખ્યમંત્રીએ વંદે માતરમ્ ગાનના ૧૫૦ વર્ષની ઉજવણીનો સંકલ્પ ગૃહમાં રજુ કર્યો હતો. વંદે માતરમ્ ગીત લઈને ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ નિવેદન આપ્યુ હતું કે તેઓએ કહ્યુ હતુ કે દેશની તમામ જાતિ અને જ્ઞાતિ એ સાથે મળી સ્વતંત્રતાનો



પાયો નાંખ્યો છે. હિન્દુ, મુસ્લીમ, શીખ, ઈસાઈએ પાયો નાખ્યો છે. અંગ્રેજો સામે લાઠી ખાધી છે, ફાંસીના માંચડે ચઢયા છે. તેઓએ વધુમા જણાવ્યુ હતું કે કોઈ એક સમુદાયના લોકોનો આ નારો ન હતો, આ દેશ માટે મુસ્લીમ સમુદાયે પણ બલીદાન આપ્યુ છે. મને ગર્વ છે કે હું કોંગ્રેસ પાર્ટીનો સભ્ય છું, આ એ પાર્ટી છે કે જેને આઝાદી માટે વંદે માતરમ્ ગાનના નારા સાથે શહીદ થયા છે. તેઓએ વધુમાં કહ્યુ હતુ કે ભાજપ ગુજરાત વિધાનસભામા વંદે માતરમ્ સંકલ્પ લઈને આવી છે. કોંગ્રેસ પાર્ટીએ અંગ્રેજો સામે સ્વાતંત્ર્યનો પાયો નાખ્યો હતો. હિન્દુ મુસ્લીમની એકતાએ દેશની આઝાદીનો પાયો નાખ્યો હતો. વિધાનસભા સત્ર પુરૂ થાય તે પહેલા ભાજપ વંદે માતરમ્ બોલીને શહીદ થયા હોય તેવા ૧૧ આરએસએસ લોકોના નામ જાહેર કરે, ભ્રષ્ટાચાર, દિકરીની જાસુસી કરનારાના મોઢે વંદે માતરમ્ નારો શોભતો નથી.

# અમદાવાદ શહેરમાં ઉભરાતી ગટરને સાફ કરવાના બહાને સળીયા મારવા પાછળ એક વર્ષમાં જ ૨૭ કરોડ ચુકવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં ગટર ઉભરાવવાની સમસ્યા હલ કરવાના નામે કહેવાતી મંડળીઓને એક જ વર્ષમાં ૨૭ કરોડ જેટલી માતબર રકમ ચુકવી દઈ મોટુ કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાનો આક્ષેપ વિપક્ષ નેતાએ ઈજનેર ખાતામાં કરતા સનસનાટી મચી જવા પામી છે.



અમદાવાદ મ્યુનિસીપલ કોંગ્રેસના વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણે જણાવ્યુ હતુ કે શહેરમાં નાની મોટી ગટર લાઈનોની જાળ બીછાવવામાં આવી છે. જેમાં નાની ગટર લાઈનો તેમજ મેન હોલ સાફ કરવા માટે મંડળીઓને કામ સોંપવાનો નિર્ણય લેવાયો ત્યારથી અનેક લોકોને કમાણીનુ સાધન મળી ગયુ છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે મોટી ગટર લાઈન સાફ કરવા માટે માનીતા કોન્ટ્રાકટરોને કરોડોના કોન્ટ્રાકટ આપવામાં આવ્યા છે. આટલુ ઓછુ હોય તેમ મ્યુનિસીપલ કોર્પોરેશનના ખર્ચના જોખમે ડ્રેનેજ ડીસિલ્ટિંગ ના જાત જાત ના મશીનો ખરીદી ને મળતીયાઓને ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સના રૂડા રૂપાડા નામે કમાણી કરવા પધરાવી દેવામાં આવ્યા છે. એકંદરે શહેરી ગટર લાઈનોની સફાઈના નામે કોર્પોરેશનની તીજોરીને સાફ કરવામાં વ્યાપક મીલીભગત ચાલી રહી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. વધુમાં તેમણે કહ્યુ હતુ કે દરેક વોર્ડ વિસ્તારમાં ગટર ના ગંદા પાણીને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તરફ ધકેલવા માટે લાખો કરોડો ના ખર્ચે સુએજ પમ્પીંગ સ્ટેશનો બનાવાયા છે અને તેના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સના કોન્ટ્રાકટ પણ લાગતા વળગતાઓને જ અપાયા છે. જો આ પમ્પીંગ સ્ટેશનો યોગ્ય ક્ષમતા થી ચાલે તો શહેરમાં ગટર લાઈને ઉભરાવવાની સમસ્યા સાવ ઓછી થઈ જાય તેમ છે પરંતુ દરેકને કમાણીની તક આપવા માનતા સત્તાધીશોની રહેમ નજર હેઠળ બધુ લોલમલોલ ચાલે છે, વિપક્ષ નેતાએ વધુમાં કહ્યુ હતુ કે તેમને મળેલી માહિતી મુજબ નાની ગટર લાઈનો અને મેન હોલ સાફ કરવા માટે જ ેરકમ ચુકવાઈ છે તે જોઈને શહેરીજનોના ટેક્ષના નાણાંનો ચોકકસપણે દુર્વ્યય થઈ રહ્યો છે તેવુ લાગી રહ્યુ છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે વરસો અગાઉ નાની ગટર લાઈન અને મેન હોલ કોર્પોરેશનના જ સફાઈ કામદારો જ સાફ કરતા હતા અને નાની લાઈનો તો રસ્સા ખેંચ થી જ સાફ થઈ જતી હતી. ત્યારબાદ સુપ્રિમ કોર્ટના નામે મશીનો વસાવાયા અને નાની ગટર લાઈન તેમજ મેન હોલ સાફ કરવાના કોન્ટ્રાકટ મંડળીઓને જ આપવાનો નિર્ણય લેવાયો હતો.

# મહિલાઓની સુરક્ષામાં સરકાર નિષ્ફળ, AAP નેતા ગૌરી દેસાઈનો ગૃહમંત્રી પર પ્રહાર

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગુજરાતમાં ડબલ એન્જિનની સરકાર હોવા છતાં મહિલાઓની સુરક્ષા આપવામાં સરકાર સંપૂર્ણ નિષ્ફળ સાબિત થઈ રહી છે. કહેવાતું મેટ્રો સિટી અમદાવાદ હોય કે રાજ્યના અન્ય શહેરો, મા-બેન-દીકરીઓ પર દુષ્કર્મ, છેડતી અને અપહરણ જેવા ગુનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આ તો માત્ર તે કેસોની વાત છે જે પોલીસ સ્ટેશનમાં નોંધાય છે. અનેક દીકરીઓ એવી પણ હશે કે જે પરિવાર કે સમાજના ડરથી પોલીસ સુધી પહોંચી શકતી નથી. છતાં નોંધાયેલા આંકડાઓમાં પણ વધારો થતો જ રહ્યો છે. પ્રશ્ન એ છે કે આવા ગુનાઓ અટકતા કેમ નથી? ગૃહમંત્રી પોતાના નિવેદનોમાં કહે છે કે "કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો." તો શું ગુનેગારોને ગૃહમંત્રીનો કોઈ ડર જ નથી? જો ડર હોત, તો ગુનાખોરીમાં ઘટાડો થાત. પરંતુ હકીકત એ છે કે દિવસને દિવસે ગુનેગારો અને ગુનાઓ બંને વધી રહ્યા છે. મા-બેન-દીકરીઓ પર દુષ્કર્મ, છેડતી અને અપહરણના કેસોમાં સતત વધારો ચિંતાજનક છે.

AAP નેતા ગૌરી દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્રમાં પણ ગૃહખાતું ભાજપ પાસે છે અને રાજ્યમાં પણ ગૃહખાતું ભાજપ પાસે છે. છતાં જો કાયદો અને વ્યવસ્થા જાળવી શકાતી નથી, મહિલાઓને સુરક્ષા આપવામાં નિષ્ફળતા સાબિત થઈ રહી છે, તો આવી સરકારને સત્તા પર રહેવાનો કોઈ નૈતિક અધિકાર નથી. માત્ર મીડિયામાં મોટા નિવેદનો આપવાથી મહિલાઓ સુરક્ષિત થતી નથી. જો સુરક્ષા હોત, તો ગુનાઓમાં વધારો ન થાત. રાજ્યમાં વારંવાર મોટી માત્રામાં ડ્રગ્સ પકડાય છે. રસ્તાઓ પર ખુલ્લેઆમ ઝઘડા અને હિંસાની ઘટનાઓ સામે આવે છે. એવું લાગી રહ્યું છે કે ગુનેગારોને કાયદાનો કે ગૃહમંત્રીનો કોઈ ડર જ નથી. કારણ કે કડક કાર્યવાહી થતી નથી. પોલીસ તંત્રનો ઉપયોગ સામાન્ય જનતાની સુરક્ષા કરતાં રાજકીય નેતાઓની સુરક્ષા માટે વધુ થતો દેખાય છે. એક મહિલા તરીકે હું સ્પષ્ટપણે કહીશ કે જો ગૃહમંત્રી ગુજરાતની મા-બેન-દીકરીઓને સુરક્ષા આપવામાં નિષ્ફળ રહ્યા હોય, તો તેમને તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. ગુજરાતની તમામ મહિલાઓની તરફથી હું કહેવા માંગું છું કે જો દિવસેને દિવસે ગુનાઓમાં વધારો થઈ રહ્યો છે, તો ખુરશી પર બેસી રહેવાનો કોઈ અર્થ નથી. એ સ્થાને કાયદાની સમજ અને કડક અમલ કરવાની ક્ષમતા ધરાવતા વ્યક્તિને બેસાડવો જોઈએ, જેથી ગુનેગારોમાં એવો ડર ઊભો થાય કે આવનારા સમયમાં કોઈ પણ મા-બેન-દીકરી તરફ આંખ ઉંચી કરતાં પહેલા દસ વાર વિચાર કરે.


**પશ્ચિમ રેલ્વે**

**બાંધકામ કાર્ય**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ)-I, પશ્ચિમ રેલ્વે, ઇન્દોર (MP) ટેન્ડર નંબર: IND/UJN/SIMHASTHA/02 ને આમંત્રણ આપે છે. કામનું નામ: યાર્ડ્સ, બ્રિજ એપ્રોચ વગેરે સહિત BG લાઇનના પાળામાં માટીકામ અને ધાબળા નાખવા/કટીંગ, રેલવે દ્વારા મંજૂર ડિઝાઇન અને ડ્રોઇંગ મુજબ પુલનું કામ (મેજર/માઇનોર/રોડ અંડર બ્રિજ, સબ સ્ટ્રક્ચર અને સુપર સ્ટ્રક્ચર), રિટેનિંગ/ટો વોલ/ડાયવર્ઝન ડ્રેઇનનું બાંધકામ, મુસાફરોની સુવિધાઓનું બાંધકામ, ફૂટ ઓવર બ્રિજ, યાર્ડ ડ્રેઇન, મશીન ક્રશ્ડ સ્ટોન બેલાસ્ટનો સપ્લાય અને ફેલાવો, મુખ્ય લાઇન માટે BG ટ્રેક, લૂપ લાઇન અને પોઇન્ટ અને ક્રોસિંગ વગેરેનું બિછાવવું અને લિંક કરવું, પી.વે મટિરિયલ્સનું પરિવહન, રેલનું વેલ્ડિંગ, અને સિંહસ્થ-2028 માટે નવી ઉજ્જૈન બાયપાસ લાઇનના સંદર્ભમાં નાઈખેરી સ્ટેશન (સિવાય) - ચિંતામન ગણેશ વચ્ચે અન્ય આકસ્મિક પરચુરણ કામો વગેરે. અંદાજિત કિંમત: રૂ. 87,93,03,376.92. EMD: ₹ 45,46,500/-. ટેન્ડર રજૂ કરવાની તારીખ અને સમય: તા.27-03-2026 ના 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ: તા. 17.03.2026 ના રોજ 15:30 કલાકે. પાત્રતા માપદંડો સહિત ટેન્ડરની સંપૂર્ણ વિગતો ઇ-ટેન્ડર પોર્ટલ www.irpes.gov.in પર અને ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ)-I, પશ્ચિમ રેલ્વે, ઇન્દોર, પ્લેટફોર્મ નં.-1 ની સામે, નોટીસ બોર્ડ પર ઉપલબ્ધ છે.

1141

અમને લાઇક કરો: facebook.com/WesternRly





વિકસિત ભારત
ગુજરાત બજેટ 2026-27
વિકસિત ગુજરાત

## ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું

# સૌથી મોટું બજેટ

# ₹ ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડ

## 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'નો ધ્યેય થશે સિદ્ધ

**રાજ્ય સરકારનો સર્વગ્રાહી અને સર્વ-સમાવેશી અભિગમ**

પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત બજેટ

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ
**₹૧૬,૧૧૬ કરોડની જોગવાઈ**

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ (છ) ક્ષેત્ર માટે
**₹૨000 કરોડની જોગવાઈ**

**"સૌના માટે ઘર"**નો સંકલ્પને સાકાર કરવા વિવિધ આવાસ યોજનાઓ હેઠળ આશરે ૩.૧૫ લાખથી વધુ આવાસો બનાવવા
**₹૪૨૭૨ કરોડની જોગવાઈ**

૨૫ જી.આઇ.ડી.સી.ને આધુનિક ટેક્નોલૉજીથી સ્માર્ટ બનાવવા
**₹૧૨૫0 કરોડનું રોકાણ તેમજ ₹૫0 કરોડના રોકાણથી**
૧૨૦ મીની GIDCનું નવીનીકરણ.

પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમંત્રી **"અમૃતમ્ (મા યોજના)"** યોજના હેઠળ
**₹૩૪૭૨ કરોડની જોગવાઈ**

નમો શક્તિ એક્સપ્રેસ-વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ માટે વધુ
**₹3000 કરોડની જોગવાઈ**

VB-G RAM G (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)) યોજના હેઠળ કામના દિવસો 100થી વધારી ૧૨૫ કરવામાં આવ્યા, **જેના માટે કુલ ₹૧૫00 કરોડનું આયોજન**

સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે **૯૭ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ₹ ૫૯૬૭ કરોડની જોગવાઈ**

નિકાસને વધુ વેગ આપવા ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરવાનો નિર્ણય

કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા **₹ ૧૫૬૫ કરોડની જોગવાઈ**

મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ વિસ્તારવા **₹ ૪૭ કરોડની જોગવાઈ**

મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારી વધારવા પાંચ નવા સેટેલાઇટ ટાઉન કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ **₹ ૫૬00 કરોડની જોગવાઈ**

અદ્યતન પરિવહન સુવિધા માટે ૨૪૬૩ જેટલી નવી બસો (જે પૈકી ૫00 AC ઇલેક્ટ્રિક બસો) તેમજ આદિજાતિ તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં ૫00 મીડી બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ **₹ ૧૨૮૬ કરોડની જોગવાઈ**

ગુજરાત પોલીસ માટે Data Fusion Centre & Centre of Excellence for AI in Policingની સ્થાપના માટે **₹ ૬0 કરોડની જોગવાઈ**

આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મળતી માસિક સહાય **₹ ૩૪૦ નો વધારો કરી ₹ ૨૫00 કરવાનો નિર્ણય**

> **"ગરવા ગુજરાતની પ્રગતિને આગવી ગતિ આપતું આ ઐતિહાસિક બજેટ વર્ષ ૨૦૨૬-૨૭ નાગરિક જીવનના તમામ પાસાને સ્પર્શી તેને બળ આપનારું અને સૌને વિકાસની સમાન તકો આપનારું બની રહેશે."**
>
> **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

